ક્રમાંક/એમવીપી/૧૯૬૨૦૧૨/૯૯/સીઆરટેમ/ ૩૯૫

વાહન વ્યવહાર કમિશ્નરશ્રીની કચેરી

લોક નં.૬, બીજે માળ,

જુના સચિવાલય,ગાંધીનગર.

તારીખ. -૭-૨૦૧૨. 4 JUL 2012

પ્રતિ,

તમામ સહાયક /પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રી,

તમામ સહાયક /પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રીની કચેરી.

વિષય:-હંગામી નોંધણી પ્રમાણપત્ર ઈસ્યુ કરવાની પધ્ધતિમાં સરળીકરણ બાબત.

ઉપરોકત વિષયે જણાવવાનું કે, ડીલરોને તેમના ધ્વારા વેચાણ થતા વાહનો માટે હંગામી નોંધણી પ્રમાણપત્ર આપવાની અધિકૃતતા ગુજરાત મોટર વ્હીકલ્સ રુલ્સ,૧૯૮૯ ના નિયમ-પર (૩/એ) માં જોગવાઇ છે. ડીલરને અધિકૃતતા આપવા વાહન વ્યવહાર કમિશ્નરશ્રીને સત્તા છે.

હંગામી નોંધણી પ્રમાણપત્ર (સીઆરટેમ) ઈસ્યુ કરવા અધિકૃતતા મેળવવા જે ડીલરો પ્રતિવર્ષ તેમના ઉત્પાદકના ૧૦૦૦ વાહનોનું વેચાણ કરતા હોય તેઓએ અત્રેની કચેરીમાં અરજી કરવાની રહેશે. આ અરજી સાથે તેમના વાહનોના વેચાણ સંબંધી ચાર્ટડ એકાઉન્ટન્ટ કક્ષાના ઈન્ટરનલ ઓડીટરનું પ્રમાણપત્ર, ડીલરશીપ એગ્રીમેન્ટ પ્રીમાઈસીસની માલીકી/કબજાના દસ્તાવેજની નકલ, પેઢીના પ્રકાર મુજબનો આધાર/ જેવો કે લીમીટેડ / પ્રા.લી. કંપની હોય તો રજીસ્ટ્રાર ઓફ કંપનીનું પ્રમાણપત્ર અને આર્ટીકલ્સ એસો/મેમોરેન્ડમની નકલો, ભાગીદારી પેઢી હોય તો પાર્ટનર શીપડીડ, પ્રોપ્રાયટરી હોય તો તે અંગેનો આધાર, છેલ્લા વર્ષની ઓડીટેડ બેલેન્સશીટ અને હંગામી નોંધણીના ઓથોરાઈઝડ અધિકારીના સહીના નમૂના વાળો પત્ર, આ અધિકારીના ઓળખ તથા રહેઠાણનો અધિકૃત પૂરાવો, સંપર્ક નંબર સામેલ કરવાનો રહેશે. આ અંગે જાણ જાહેરજનતાને તથા આપના કાર્યક્ષેત્રની અંદર આવતા તમામ અધિકૃત ડીલરોને થાય તે પ્રમાણે સુચના આપવા આથી જણાવવામાં આવે છે.

નોંધ પર માન.કમિશ્નરશ્રીની મંજુરી મુજબ.

સંયુકત વાહન વ્યવહાર નિયામક

ગુજરાત રાજય,અમદાવાદ.

:પુરબિયા:૪૫:૩૪૭: